
# શ્રી મુક્તઅક્ષરપુરુષોત્તમમહારાજની મૂર્તિઓના પ્રાણપ્રતિષ્ઠાના મહાપર્વે

## સંતભગવંત સાહેબજીની નિશ્રામાં સપ્તકુંડી અગ્નિહોત્ર મહાયજ્ઞમાં ૧,૦૦૦થી વધુ યજમાનોએ ભક્તિભાવપૂર્વક આહુતિઓ અર્પણ કરી


















પ્રધાન આચાર્ય પૂ. શાંતિદાદાનાં પૂજન-વંદન


યજ્ઞ આચાર્યશ્રીઓનાં પૂ. શાંતિદાદા દ્વારા પૂજન


યજ્ઞ આચાર્યશ્રીઓનાં પૂ. અશ્વિનદાદા દ્વારા કંકણબંધન


યજ્ઞ આચાર્યશ્રીઓને પૂ. રતિકાકા દ્વારા ખેસ અર્પણ


યજમાનો અને દર્શનાર્થીઓને પ્રધાન આચાર્ય પૂ. શાંતિદાદાના આશીર્વાદ

**બ્રહ્મસ્વરૂપ** ભગતજીમહારાજના પ્રાગટ્યદિન હોલિકા પર્વની મંગલમયી વહેલી સવારે ૨૨ માર્ચ ૨૦૧૬ના દિને એક સરખાં વસ્ત્રો પરિધાન કરેલાં ભાઈઓ અને બહેનો 'અમૃત મહોલ'માં એકત્ર થયાં. આજે કંઈક વિશેષ આયોજન હોય તેમ પ્રથમ વખત દર્શનાર્થે આવનાર સૌને અનુભવાતું હતું. સભાવ્યવસ્થા રાતોરાત બદલાઈ ગઈ હતી. શ્રી મુક્તઅક્ષરપુરુષોત્તમમહારાજની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા પૂર્વે યોજિત ભવ્ય મહાયજ્ઞમાં સૌ યજમાનો બિરાજી રહ્યા હતા. મુખ્ય ૭ વેદીઓ અને ૫૦૦થી વધુ યુગલ (કુલ એક હજારથી વધુ ભક્તો) યજમાનો સરળતાથી બેસીને યજ્ઞવિધિમાં ભાગ લઈ શકે તેવી સુંદર વ્યવસ્થા સ્વયંસેવકોએ કરી હતી.

યજ્ઞવિધિમાં ઉપયોગમાં લેવાનાર સામગ્રીઓ બાજોઠ પર શોભતી પૂજાની મૂર્તિ સમક્ષ સુંદર પેકિંગમાં સજાવીને વ્યવસ્થિત ગોઠવી હતી. યજમાનો દ્વારા વિશિષ્ટ વસ્ત્ર પરિધાન કરાયાં હતાં. ઋષિ કુમારો અને ઋષિ કન્યાઓ દોડી દોડીને સેવા-પરિચર્યા કરી રહ્યાં હતાં. આ સમગ્ર દિવ્ય વાતાવરણ સૌનું મન મોહી રહ્યું હતું. આખોય 'અમૃત મહોલ'-સભામંડપ ભક્ત મેદનીથી ચિક્કાર ભર્યો હતો. હજારો મુક્તો-મુમુક્ષુજનો આ દિવ્ય યજ્ઞનાં દર્શનાર્થે પધાર્યા હતા. અનુપમ મિશનના સંતો-સેવકોની અનુપમ વ્યવસ્થા-સરભરા નિહાળીને સૌના અંતરે અનુપમ છાપ કંડારાઈ ગઈ હતી.


શાસ્ત્રોક્ત મહાયજ્ઞવિધિ કરાવતા આચાર્યશ્રીઓ

પ્રધાન આચાર્ય પૂ. શાંતિદાદા, મુખ્ય આચાર્ય પૂ. મનોજભાઈ સાથે આચાર્યો પૂ. રાજુભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. ઉત્પલભાઈ આદિના દિવ્ય બ્રહ્મનાદે થતાં શ્લોક-સ્તુતિગાન, મંત્રોચ્ચાર દ્વારા વાતાવરણમાં અક્ષરધામની અલૌકિકતા પ્રસરી હતી. શાસ્ત્રોક્ત વિધિસભર સંપન્ન થનાર આ મહાયજ્ઞમાં દેશ-પરદેશથી અનેક યજમાનો જોડાયા હતા. સંતભગવંત સાહેબજી સૌ યજમાનોના સ્થાન પર જઈને દિવ્ય સ્મૃતિ આપી રહ્યા હતા. પૂજન, કંકણબંધન, થાળ-આરતી અર્પણ થયા બાદ પ્રભુભક્તિ અને સમાજ સેવાના અનોખા સંકલ્પ થયા અને સંકલ્પસિદ્ધિ અર્થે શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો જાપ કરાયો. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત સ્વરૂપોએ દીધેલ જ્ઞાન અને શાસ્ત્રોમાં કંડારાયેલ ભાવનાને મનોજભાઈ સોનીએ સરળ શૈલીમાં રજૂ કરી વેદ-ઉપનિષદના સંદેશાઓ પ્રસરાવ્યા.

આ મહાયજ્ઞમાં યજમાનપદે બિરાજિત અને દર્શન કરનાર સૌને દિવ્ય અનુભૂતિનો આનંદ થયો. યજ્ઞમાં શ્રીફળ હોમાયું તેની સાથે આ દિવ્ય સત્સંગમાં જીવન હોમી દેવાના સંકલ્પો અનેકના મનમંદિરમાં જાગ્યા. વેશ, કેશ કે નામ બદલ્યા વગર પણ સાધુતા પ્રાપ્ત થાય, સંસારમાં રહ્યા છતાં પણ અનાસક્ત અવસ્થાને પામી શકાય તેના અનુભવ સૌને અનુપમ મિશનના વ્રતધારી સંતોના જીવનનાં દર્શનથી થયા. અને ગુણાતીત ગુરુમાં જીવને જોડી પરબ્રહ્મને પામવાના સંકલ્પ-મનોરથ આ અનુપમ યજ્ઞમાં સૌએ કર્યા.


ત્ર્યંબકભાઈ-સમતાબાએ સંતભગવંત સાહેબજીને પુષ્પહાર અર્પણ કર્યા


દિનેશભાઈ-તાનીબહેનને કંકણબંધન


ઋષિકુમારોને પૂ. શાંતિભાઈ અને સંતોના આશીર્વાદ


ઋષિકન્યાઓને પૂ. શાંતિભાઈ અને સંતોના આશીર્વાદ


મહાયજ્ઞ દરમિયાન શ્રી ઠાકોરજીને આરતી અર્પણ


મંગલ આશીર્વાદ


એન.ડી.ડી.બી.નાં ચેરમેન સુશ્રી અમૃતાબહેનનાં અભિવાદન


ચંદ્રકાંતભાઈ-શીલાબહેન, વેમારનાં અભિવાદન


બ્રહ્માકુમારી આશ્રમનાં સંતબહેનોનાં અભિવાદન


મનીષકુમાર-મનીષાબહેન, વેમારનાં અભિવાદન


દિવ્ય આશીર્વાદમ્


ગોવિંદભાઈ-મીનાબહેન, વડોદરાનાં અભિવાદન


મનીષદાદા-જિતીક્ષાબહેન, વેમારનાં અભિવાદન


બલીભાઈ-ધર્મિષ્ઠાબહેન, વેમારનાં અભિવાદન



## આજ મારે મંદિરિયે રે આવ્યા અવિનાશી અલબેલ...

**સૂરજ** આથમણી દિશાએ ગતિ કરી રહ્યો હતો ને ઉપાસના ધામમાં ઉપસ્થિત ભક્ત મહેરામણ વેમાર ગામ પ્રતિ પ્રયાણ કરવા લાગ્યું. અવસર શ્રી ઠાકોરજી-શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમમહારાજ, દિવ્ય ગુણાતીત સ્વરૂપો અને તેમના પરમ તત્ત્વના ધારક પ્રગટ ગુણાતીત સંત સાહેબજીની શોભાયાત્રાનો હતો. શોભાયાત્રાનો મુખ્ય કાફલો ખૂબ મોટો અને વૈવિધ્યતાસભર હતો. સર્વ પ્રથમ બાઇક પર સવાર યુવાનો, કળશધારી યુવતીઓ, પોથીધારી બહેનો, વિવિધ પ્રદેશનાં બેનર લઈને ઊભેલા પ્રતિનિધિઓ, જે-તે પ્રદેશનાં મંદિરો અને શ્રી ઠાકોરજીની મૂર્તિઓનાં બેનરો, સૂત્રો અને શુભ ચિહ્નોનાં બેનરો ધારણ કરેલ સાફાધારી ભક્તો, વ્રતધારી સંતો અને ઢોલ-નગારાં-વાજાં આદિ મુખ્ય કાફલામાં સામેલ હતાં. તેની પાછળ યુવાનેતાઓ સંતભગવંત સાહેબજીના રથને અને ત્યારબાદ વિશિષ્ટ પોષાક ધારણ કરેલ વેમાર ગામના યુવાનો શ્રી ઠાકોરજીના રથને ધીરે ધીરે પથ પર આગળ વહાવતા હતા. સંત બહેનો પણ ગાડીઓમાં બિરાજી આ યાત્રામાં સહભાગી થયાં.

ભાતભાતનાં લાક્ષણિક વસ્ત્રો ધારણ કરીને કેવડીયા વિસ્તારના આદિવાસી મુમુક્ષુઓ પણ પ્રાદેશિક નૃત્ય ભજવી રહ્યા હતા. ભાવિક બહેનો ગરબાના તાલે ઝૂમી રહી હતી. વળી, રોડની એક બાજુએ સૌ ભક્તો હાથમાં પુષ્પ-ચોખા લઈને શ્રી ઠાકોરજીને વધાવવા આતુર હતા. દુકાન, પાણીની ટાંકી, ઊંચી મેડીઓ પર માનવમહેરામણ ઉમટ્યું હતું. સૌ કોઈ આ ઐતિહાસિક શોભાયાત્રાનાં દર્શન કરવા આતુર હતા. પોતાના ગામમાં પ્રભુ બિરાજે છે તે ભાવથી વેમાર ગ્રામવાસીઓનાં હૈયાં આનંદથી ભરાઈ આવ્યાં હતાં. શોભાયાત્રાના માર્ગમાં થોડાથોડા અંતરે ગામનાં ૪-૫ ફળિયાંઓના મુક્તોએ ભેગા થઈને પ્રભુને પોંખ્યા. વહાલા રૂમઝૂમ કરતા કા’ન મારે ઘેર આવોને... આદિ ભજનો મુખમાં રમતાં હતાં. શ્રી બાલાજી મંદિરથી શરૂ થયેલ યાત્રા આશરે ૧ કિ.મી. જેટલી લાંબી હતી. ધોમધખતો તાપ હતો, પણ કોઈને તેની અસર થતી નહોતી. સેવકો પીવાના પાણીની સંપૂર્ણ વ્યવસ્થાઓ સાચવતા હતા.